# ગ્રાહકો જોગ જાણવા લાયક અગત્યની સૂચના

પ્રિય ગ્રાહક મિત્રો.....

હાલમાં કેટલાક લેભાગુ વ્યકિતઓ દ્વારા ગ્રાહકોને છેતરવા માટે લોભામણી સ્કીમ લાવવામાં આવે છે જેમાં ગ્રાહકોને ખુબજ ઓછા સમયમાં રોકાણ કરી ઉચ્ચ વળતર આપવું, પાર્ટ ટાઈમ જોબ ઓફર કરી તેમાં ઉચ્ચ વળતર આપવુ વગેરે. આવી સ્કીમ ઈન્ટરનેટ ઉપર જાહેરાત આપી કે ગ્રાહકોના મોબાઈલ નંબર ઉપર SMS દ્વારા મોકલવામાં આવે છે. આવા SMS માં ઘણી વાર ભારતીય નંબરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આવા SMS માં એક લીન્ક મોકલવામાં આવે છે. ગ્રાહકો આવી લીન્ક ઉપર કલીક કરેતો એક ચેટ બોક્ષ ઓપન થાય છે અને ગ્રાહકોને ચેટ બોક્ષ દ્વારા વાતચીત કરી તેમને આવી સ્કીમમાં રૂપિયા રોકવા લલચાવવામાં આવે છે. વધુમાં તેઓ આવો ફ્રોડ કરવા મોબાઈલ એપ્લીકેશન, બલ્ક એસ.એમ.એસ. સીમ બોક્ષ બેઝ વરચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક ,ફીશીંગ નેટવર્ક, એપ્લીકેશન પ્રોગ્રામીંગ ઈન્ટરફેસ, કલાઉડ બેઝ સર્વિસ કે વરચ્યુઅલ ખાતા નંબરનો ઉપયોગ કરે છે.

આવા લેભાગુ લોકો તેમની જાહેરાત લોકો સુધી ઝડપથી પહોંચે તે માટે ‘Earn Online’, ‘Part Time Job’ વિગેરે જેવા શબ્દોનો ઉલ્લેખ કરતા હોય છે. આવી જાહેરાત ઈન્ટરનેટ ઉપર સામાન્ય સંજોગોમાં સવારે ૧૦:૦૦ થી સાંજનાં ૭:૦૦ વાગ્યા સુધી જોવા મળતી હોય છે, જે ભારતમાં વ્યસ્ત સમય કહેવાય છે. આવી જાહેરાતોમાં લીંન્ક ઉપર કલીક કરતા ફ્રોડયુલન્ટ વેબસાઈટ ઉપર રીડાયરેકટ થાય છે. અને ચેટ બોક્ષ ઓપન થાય છે. તેમાં ગ્રાહકોને આવી સ્કીમમાં રૂપિયા રોકવા લલચાવવામાં આવે છે અને ગ્રાહકોને ઈન્વેસ્ટમેન્ટ લીન્ક મોકલવામાં આવે છે. વધુમાં ગ્રાહકોને તેમનું એકાઉન્ટ એકટીવેટ કરવા સ્કીન શોટ મોકલવાનું કહેવામાં આવે છે. એક વખત એકાઉન્ટ એકટીવેટ થયા બાદ તેમને ટાસ્ક આપવામાં આવે છે અને તેમને આવી સ્કીમમાં UPI થી રોકાણ કરવા જણાવવામાં આવે છે.

શરૂઆતમાં ગ્રાહક નાની રકમનું આવી સ્કીમમાં રોકાણ કરે છે અને તેમને ઉચ્ચ વળતર સાથે રૂપિયા પરત આપવામાં આવે છે. જયારે ગ્રાહક આવી સ્કીમમાં રૂપિયા પરત મેળવે છે ત્યારે ગ્રાહક વધુ વળતરનાં લોભમાં વધુ ઉચી રકમનું રોકાણ કરે છે. ત્યાર બાદ આવા લોકો ગ્રાહકોને ચેટ બોક્ષમાં જવાબ આપવાનું બંધ કરીદે છે. જેથી ગ્રાહકોને રૂપિયા ગુમાવવાનો વારો આવે છે.

હાલમાં આવી પધ્ધતિથી ગ્રાહકોને છેતરવામાં આવે છે. તેથી ગ્રાહકોએ આવી છેતરામણી સ્કીમમાં રોકાણ કરવું નહી અને જયારે ગ્રાહકો કોઈ સ્કીમમાં રોકાણ કરવા ઓનલાઈન પેમેન્ટ કરતા પહેલા આવી કંપની કે વેબસાઈટની સત્યતાની કાળજીપુર્વકની ચકાસણી કરી લેવી. જેથી આવી છેતરામણી સ્કીમમાં રોકાણ કરી રૂપિયા ગુમાવવાથી બચી શકાય.

**નોંધઃ ગ્રાહકે તેમના ખાતાનાં OTP, ડેબીટ કાર્ડને લગતી કે ખાતાને લગતી સંવેદનશીલ માહીતી જેવી કે User Id, Password, CVV વિગેરે કોઈને આપવી નહી. કોઈપણ અજાણી લીંક ઉપર કલીક કરવી નહી. જયારે લીંક ઉપર કલીક કરી રૂપિયા ટ્રાન્સફર કરવાના થાય તો ટ્રાન્સફર કરતા પહેલાં તે મેસેજ, એપ્લીકેશન કે વેબસાઈટની સત્યતાની ખાતરી કરી લેવી. બેન્ક દ્વારા કે બેન્કના કોઈપણ કર્મચારી દ્વારા આવી માહીતી કયારેય પણ માગવામાં આવતી નથી.**